મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં રાજયમાં પ્રવર્તમાન કોરોના સંક્રમણની સ્થિતિની સમીક્ષા હાથ ધરીને રાજયના નાગરિકોના સ્વાસ્થ્ય – આરોગ્યના વિશાળ હિતમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે.

મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી તથા આરોગ્ય મંત્રીશ્રી રૂષિકેશભાઈ પટેલ તેમજ મુખ્યસચિવશ્રી પંકજ કુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી કૈલાસનાથન તેમજ ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવશ્રી રાજકુમાર અને વરિષ્ઠ સચિવોની આ બેઠકમાં જે નિર્ણયો લેવામાં આવ્યા છે તે મુજબ.

રાજયમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતીની સમીક્ષા કરી તા.૩૦.૧૧.૨૦૨૧ના ૨૦૨૧ના હુકમ ક્રમાંક : વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨–A તથા તા.૨૪.૧૨.૨૦૨૧ના હુકમ ક્રમાંક: વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી રાજયના ૮ શહેરોમાં રાત્રિ કર્ફ્યુ તથા અમલમાં મુકવામાં આવેલ નિયંત્રણો તેમજ ગૃહ વિભાગના તા.૩૦.૧૧.૨૦૨૧ના હુકમ ક્રમાંક: વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨–Bથી સમગ્ર રાજયમાં મુકવામાં આવેલ નિયંત્રણોની અવધિ તા.૦૭.૦૧.૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ છે.

૨. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૭.૧૨.૨૦૨૧ના હુકમ અનુસાર કેન્દ્રીય આરોગ્ય અને પરીવાર કલ્યાણ મંત્રાલયના તા.૨૧.૧૨.૨૦૨૧ના અ.સ.પત્રથી રાજયોને કોરોનાનો વ્યાપ અટકાવવા માટે આપવામાં આવેલ સૂચનાઓનો રાજય સરકાર દ્વારા અમલ કરવાનો રહે છે.

૩. રાજયની વર્તમાન પરિસ્થિતી અંગે મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં મળેલ કોર કમિટિની બેઠકમાં સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. સમીક્ષા બાદ રાજયમાં નીચે મુજબના નિયંત્રણો તા.૦૮.૦૧.૨૦૨૨થી તા.૧૫.૦૧.૨૦૨૨ સુધી અમલમાં મૂકવા નિર્ણય લેવામાં આવેલ છે.

**૪. નિયંત્રણો:**

**૪(૧) શહેરો માટેના નિયંત્રણો:**

| અનુ. | વિગતો | નિયંત્રણો |
|---|---|---|
| ૧. | રાત્રિ કરફ્યુ | રાજયના અમદાવાદ શહેર, વડોદરા શહેર,સુરત શહેર,રાજકોટ શહેર, ભાવનગર શહેર, જામનગર શહેર, જુનાગઢ શહેર, ગાંધીનગર શહેર, ઉપરાંત વધુ બે નગરો આણંદ શહેર, અને નડીયાદમાં દરરોજ રાત્રિના ૧૦.૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધી રાત્રિ કર્ફ્યુ અમલમાં રહેશે. |
| ૨. | દુકાનો વાણિજ્યક સંસ્થાઓ, લારી–ગલ્લાઓ, શોપિંગ કોમ્પ્લેક્સ, માર્કેટીંગ યાર્ડ, અઠવાડીક ગુજરી/બજાર હાટ, હેર કટીંગ સલૂન, સ્પા અને બ્યુટી પાર્લર તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિ | ઉપરોકત શહેરોમાં સામે દર્શાવેલ વ્યાપારિક ગતિવિધિ રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે. |
| ૩. | હોટેલ/રેસ્ટોરેન્ટસ | બેઠક ક્ષમતાના ૭૫% સાથે રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે.<br>હોટેલ/રેસ્ટોરેન્ટ્સમાં Home delivery સેવાઓ રાત્રિના ૧૧:૦૦ કલાક સુધી ચાલુ રાખી શકાશે. |

**૪(૨) નીચે મુજબના નિયંત્રણો ઉપરોકત શહેરો સહિત સમગ્ર રાજયમાં અમલમાં મૂકવામાં આવ્યા છે. તદ્અનુસાર**

| | | |
|---|---|---|
| ૧. | સમગ્ર રાજયમાં તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો તેમજ ધાર્મિક સ્થળો | ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે. |
| ૫. | લગ્ન પ્રસંગ | ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૪૦૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે.<br>લગ્ન પ્રસંગ માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણી કરાવવાની રહેશે. |
| ૬. | અંતિમક્રિયા/દફનવિધી | મહત્તમ ૧૦૦ (એકસો) વ્યક્તિઓની મંજુરી |
| ૭. | પબ્લિક તથા પ્રાઇવેટ બસ ટ્રાન્સપોર્ટ | નોન. એ.સી. બસ સેવાઓ ૭૫ % ક્ષમતા સાથે (Standing not allowed)<br>જ્યારે એ.સી. બસ સેવાઓ મહત્તમ ૭૫% પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે. બસ ટ્રાન્સપોર્ટ સેવાઓને રાત્રિ કર્ફ્યુમાંથી મુક્તિ આપવામાં આવે છે. |
| ૮. | સિનેમા હૉલ | બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે. |
| ૯. | જીમ | સમાવેશ ક્ષમતાના ૫૦% થી ચાલુ રાખી શકાશે. |
| ૧૦. | વૉટર પાર્ક તથા સ્વિમીંગ પુલ | ક્ષમતાના મહત્તમ ૫૦% સાથે ચાલુ રાખી શકાશે. |
| ૧૧. | વાંચનાલયો | બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે. |
| ૧૨. | ઑડિટોરિયમ, એસેમ્બલી હૉલ, મનોરંજક સ્થળો | બેઠક ક્ષમતાના ૫૦%થી ચાલુ રાખી શકાશે. |
| ૧૩. | જાહેર બાગ-બગીચાઓ | રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી |
| ૧૪. | ધો.૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ સુધીના કોચીંગ સેન્ટરો/ટ્યુશન કલાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક/ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચિંગ સેન્ટરો | સ્થળની ક્ષમતાના મહત્તમ ૫૦% વિદ્યાર્થીઓ સાથે |
| ૧૫. | શૈક્ષણિક સંસ્થાઓ | રાજયભરની શાળાઓમાં ધોરણ ૧ થી ૯ માં વર્ગખંડ શિક્ષણ એટલે કે ઓફ લાઈન શિક્ષણ તા.૩૧-૧-૨૦૨૨ સુધી બંધ રહેશે. માત્ર ઓનલાઈન શિક્ષણ જ ચાલુ રહેશે. |
| ૧૬. | શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓની પ્રવેશ પરીક્ષાઓ તેમજ સ્પર્ધાત્મક/ભરતી અંગેની | કોરોના ગાઇડલાઇનનું પાલન કરવાની શરતે નિયત S.O.P. સાથે યોજી શકાશે. |

| | | |
|---|---|---|
| | પરીક્ષાઓ | |
| ૧૭. | સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ/સ્પોર્ટ્સ સ્ટેડીયમ/સંકુલમાં રમતગમત | પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર ચાલુ રાખી શકાશે. |

ઉપરોકત તમામ આર્થિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા માલિકો, સંચાલકો, કર્મચારીઓ તેમજ કામગીરી સાથે સંકળાયેલ તમામ વ્યકિતઓ માટે વેક્સિનના બે ડોઝ ફરજિયાત રહેશે.

**૬. રાત્રિ કર્ફ્યુના સમયગાળા દરમિયાન નીચેની બાબતો લક્ષમાં લેવાની રહેશે**

(૧) બીમાર વ્યક્તિ, સગર્ભાઓ, અશક્ત વ્યક્તિઓને સારવાર માટે એટેન્ડન્ટ સાથે અવરજવરની છૂટ રહેશે.

(૨) મુસાફરોને રેલ્વે, એરપોર્ટ, ST કે સીટી બસની ટિકીટ રજૂ કર્યેથી તેઓને અવરજવરની પરવાનગી આપવાની રહેશે.

(૩) રાત્રિ કર્ફ્યુના સમયગાળા દરમ્યાન કોઇ પણ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો યોજી શકાશે નહી.

(૪) આવશ્યક સેવા સાથે સંકળાયેલ નાગરિકો/અધિકારીઓ/કર્મચારીઓએ અવરજવર દરમ્યાન માંગણી કર્યેથી જરુરી ઓળખપત્ર રજૂ કરવાના રહેશે.

(૫) અનિવાર્ય સંજોગોમાં બહાર નીકળેલ વ્યક્તિઓએ તેમનું ઓળખપત્ર, ડોકટરનું પ્રીસ્ક્રીપ્શન, સારવારને લગતાં કાગળો અને અન્ય પુરાવાઓ રજુ કર્યેથી અવરજવરની પરવાનગી આપવાની રહેશે.

(૬) અનિવાર્ય સંજોગોમાં બહાર નિકળેલ વ્યક્તિઓ સાથે ફરજ પરના અધિકારી/કર્મચારીએ માનવીય અભિગમ દાખવવાનો રહેશે.

**૭. રાત્રિ કર્ફ્યુના સમયગાળા દરમિયાન નીચે જણાવેલ સેવાઓ/પ્રવૃત્તિઓ ચાલુ રાખી શકાશે.**

1) COVID-19ની કામગીરી સાથે સીધી રીતે સંકળાયેલ સેવાતેમજ આવશ્યક/તાત્કાલિક સેવા સાથે સંકળાયેલ સેવાઓ.
2) મેડીકલ, પેરામેડીકલ તથા તેને આનુષંગિક આરોગ્યલક્ષી સેવાઓ.
3) ઓક્સિજન ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થા.
4) ઈન્ટરનેટ/ટેલિફોન/મોબાઈલ સર્વિસ પ્રોવાઇડર/ આઇ.ટી. અને આઇ.ટી. સંબંધિત સેવાઓ.
5) પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મિડીયા, ન્યુઝ પેપર ડીસ્ટ્રીબ્યુશન.
6) પેટ્રોલ, ડિઝલ, એલ.પી.જી./સી.એન.જી./પી.એન.જી.ને સંબંધિત પંપ, ઓપરેશન ઓફ પ્રોડકશન યુનિટ, પોર્ટ ઓફ લોડિંગ, ટર્મિનલ ડેપોઝ, પ્લાન્ટસ તથા તેને સંબંધિત ટ્રાન્સપોર્ટેશન, ડિસ્ટ્રીબ્યુશન અને રીપેરીંગ સેવાઓ
7) પોસ્ટ અને કુરીયર સર્વિસ
8) ખાનગી સિક્યુરીટી સેવા
9) પશુઆહાર, ઘાસચારો તથા પશુઓની દવા તથા સારવાર સંબંધિત સેવાઓ.
10) કૃષિ કામગીરી, પેસ્ટ કન્ટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન, પરિવહન અને પુરવઠા વ્યવસ્થા
11) ઉક્ત તમામ આવશ્યક ચીજ વસ્તુઓના પરિવહન, સંગ્રહ અને વિતરણને લગતી તમામ સેવાઓ.
12) આંતરરાજ્ય, આંતરજિલ્લા અને આંતરશહેરોમાં વ્યાપાર / સેવાના પરિવહન, સંગ્રહ અને વિતરણને લગતી ટ્રાન્સપોર્ટ સેવાઓ તથા તેને સંલગ્ન ઈ–કોમર્સ સેવાઓ.

13) તમામ પ્રકારના ઉત્પાદન/ઔદ્યોગિક એકમો અને તેને રો–મટીરીયલ પૂરો પાડતા એકમો ચાલુ રહેશે અને તેમના સ્ટાફ માટેની વાહનવ્યવસ્થા ચાલુ રહેશે. જે દરમિયાન COVID-19 સંબંધિત માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

14) બાંધકામને લગતી પ્રવૃત્તિઓ ચાલુ રહેશે જે દરમિયાન COVID-19 સંબંધિત માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**૮. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૭.૧૨.૨૦૨૧ના હુકમથી જાહેર કરવામાં આવેલ નીચે મુજબના National Directives for Covid-19નું સમગ્ર રાજ્યમાં તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.**

1) **Face Covering – Compulsory in public place, work place, during transport**
2) **Social Distancing –Individual must maintain a minimum 6 feet distance in public places. Shops will ensure physical distancing among customers.**
3) **Splitting in public place will be punishable with fine as per existing laws, rules or regulations.**

૯. સંબંધિત પોલીસ કમિશનરશ્રીઓ/જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓએ તેમના અધિકાર ક્ષેત્રમાં આ હુકમના અમલ માટે Cr.P.C.તથા ગુજરાત પોલીસ એક્ટની જોગવાઈ હેઠળ જાહેરનામા બહાર પાડવાના રહેશે.

૧૦. આ હુકમનું અસરકારક અમલીકરણ સર્વે પોલીસ કમિશ્નર, જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસવડા દ્વારા કરવાનું રહેશે.

૧૧. આ હુકમના ભંગ બદલ 'THE EPIDEMIC DISEASES ACT 1897' અન્વયે 'THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020' ની જોગવાઈઓ, 'THE INDIAN PENAL CODE'ની કલમ 188 તથા 'THE DISASTER MANAGEMENT ACT'ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.